સલામી સવારની..

સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

વેપારીઓ સાથે દોરી સંકલનની કપાઈ છે,
ને વ્યવસ્થા વેરાની છેતરપીંડીમાં છુપાઈ છે.
ગૂંચવાઈ કલ્પના જીએસટીની રંગીન સ્વપ્ને -
કાયદાના અમલમાં તંત્રની બુદ્ધિ મપાઈ છે...
(જીએસટીની નબળી અમલવારી)

હાઈકુ

ફૂટે છે ભંડા
બોગસ બીલીંગથી -
કર ચોરીના...

રાષ્ટ્ર-ભક્તિથી -
ભરે વેપારી વેરા -
અપેક્ષા કેવી ?

(કરચોરીની આપણી સહજ માનસિકતા)

ચિંતન

ચિંતયા જાયતે દુઃકમ્ ન અન્યથા ઈહ ઇતિ નિશ્ચયી ।
સુખં દુઃખં ચ તદ્દધર્મ સદાનન્દસ્ય ન આત્મન : ॥

ઉપરોક્ત શ્લોક બ્રહ્મસૂત્રમાંથી લેવામાં આવેલ છે.

દુઃખ ચિંતાથી જ ઊભું થાય છે, અન્યથા નહીં, તેવું નિશ્ચયથી જાણીને તે, ચિંતારહિત થઈ સુખી, શાંત અને સર્વત્ર સ્પૃહા વિનાનો થાય છે.

ચિંતા માત્ર કર્તૃત્વભાવમાંથી જ ઊભી થાય છે, હું પણ આવે એટલે હવે શું ? કઈ રીતે ? કેમ ? વગેરે પ્રશ્નો આવે, ને ચિંતા ઊભી થાય. પરંતુ જ્યાં અહંભાવ નથી ત્યાં એવું કાંઈ નથી.

નરસિંહ મહેતા કહે છે કે હું કરું હું કરું એ જ અજ્ઞાનતા. અજ્ઞાન છે ત્યાં સુધી દુઃખ છે, ચિંતા છે! અજ્ઞાન દૂર થતાં એ બધું પણ દૂર થાય છે. આથી જ કહેવાયું છે કે દુઃખ માત્ર ચિંતા ને લીધે છે તેમ જે જાણે છે, તે ચિંતા રહિત થઈ સુખી શાંત અને સ્પૃહા વિનાનો થાય છે, કારણ કે દુઃખનું મૂળ ચિંતા અને ચિંતાનું મૂળ અહંભાવ, એ જાણ્યા પછી જ્ઞાની એ જે કે જે અહંભાવ રાખે જ નહીં, ઊભો થવા જ ન દે. એટલે કે બધું ઈશ્વરની મરજી પર છોડી દે.

સુવિચાર

- જલાવી જાતને ધૂપ સુવાસિત બધું કરે, ઘસી જાતને સંતો અન્યને સુખિયા કરે - **જનકલ્યાણ**
- જે જાણે છે તે બોલતો નથી, જે બોલે છે તે જાણતો નથી - **લાઓત્સે**
- હમ મેં ચલે સો ઓલિયા બેહદ ચલે સો પીર ।
  હદ અનહદ દોનોં ચલે ઉનકા નામ ફકીર ॥ - **ઓશો**
- નજીવી બાબતે જીવ ન બાળવો, અને એક બાબતની ખાતરી રાખો કે
  આખરે જીવનની હર એક વાત નજીવી છે - **રિચર્ડ કાર્લસન**
- ધન મળતાં કુલહીન કુળવાન ગણાય છે, ધનથી માણસો આફતોને તરી જાય છે, ધનથી મોટો બંધુ આ જગતમાં બીજો નથી માટે ધન કમાવો - **સંસ્કૃત સુભાષિત**
- જે ચીન તમારા માટે રડી ન શકે, તે ચીજ માટે તમારે રડવાની જરૂર નથી - **એન્થની ડી મેલો**
- આજનું ઔષધ : હિંગને મધમાં મેળવી, રૂની દિવેટ બનાવી, તેને પ્રગટાવી, કાજળ પાડી, એ કાજળ આંખમાં આંજવાથી આંખોનું તેજ વધે છે **(સંકલન : દીપક વી. આશરા)**

બોધકથા

એક વૃદ્ધ દંપત્તિ જંગલમાં ભૂલું પડ્યું. વૃદ્ધ દંપત્તિમાં પત્નીને ખૂબ ઝાંખુ દેખાયું હતું એટલે તેઓ પતિનો હાથ પકડી ધીમે ધીમે બહારનો રસ્તો શોધતા હતા. આગળ ચાલતા એમને એક સુંદર બગીચો દેખાયો એમાં સરસ મજાના સફરજન ઝૂલી રહ્યા હતા. આ બંનેને થયું કે કદાચ અહીં કંઈક ખાવાનું પણ મળશે અને આગળનો રસ્તો પણ મળી જશે. બગીચાના ઝાંપાપર બે ચોકીદાર હતા. વૃદ્ધ વડીલે રજૂઆત કરતાં કહ્યું, 'અમે આ જંગલમાં ભૂલા પડ્યા છીએ અમને સખત ભૂખ લાગી છે અને આરામની પણ જરૂર છે. જો આપ હા પાડો તો અમે આ બગીચાના ફળ ખાઈ, આરામ કરીને જઈએ' ચોકીદારે કહ્યું, 'અમે આપને મદદ જરૂર કરીએ પણ તમારામાંથી એક જ જણ અંદર આવી શકશે. તમે નક્કી કરો અંદર કોણ જવાનું છે?' ચોકીદારની વાત સાંભળી વૃદ્ધે પત્નીને કહ્યું, 'અહિંયા કોઈ મદદ મળી શકે તેમ નથી.' પત્નીને કહ્યું, 'હું ખૂબ ગઈ છું. મને કંઈ દેખાતું પણ નથી તમે મને અહીં જ છોડી દો હું બગીચાની બહાર બેસુ છું તમે વધુ ભૂખ્યા તરસ્યા હશો તમે અંદર જઈ આવો.' પતિએ કહ્યું, 'હું તને છોડીને કયાંય જવાનો નથી, જે થવાનું હોય તે થાય આપણે સાથે જ રહેવાનું છે.' આમ બંને આગળ ચાલ્યા ત્યાં. એક સુંદર નાનું મકાન આવ્યું. ત્યાં દરવાજો ખટખટાવ્યો. એક વડીલે દરવાજો ખોલ્યો. તેણે આ લોકોને આવકાર આપી પ્રેમથી જમાડ્યા. અને પેલા યજમાનના સ્થાને એક દેવદૂત ઊભા હતા. તેમણે વૃદ્ધ દંપત્તિને કહ્યું, 'હું તમને ખાસ સહી સલામત ઘર સુધી પહોંચાડવા માટે આવ્યો છું. પેલો બગીચો, તમારી કસોટી કરવા માટે મેં જ બનાવ્યો છે. આ સુંદર ઘર પણ મેં તમારા માટે જ સર્જ્યું છે. જેઓ મુશ્કેલીમાં પોતાના સાથીનો સાથ નથી છોડતાં તેઓ જ સાચા સાથીદાર છે અને ઈશ્વર પણ તેમને સાથ આપે છે.' દેવદૂતે એમને ઘર સુધી પહોંચાડવાની જવાબદારી લીધી.

કેન્દ્રીય બજેટ : આભાસી ચિત્રનો અહેસાસ

તંત્રીસ્થાનેથી...

ખ્યાત અર્થશાસ્ત્રી કેઈન્સે કહ્યું છે : ઈન ધી લોન્ગ-ટર્મ વી ઑલ ડેડ.

આ અવતરણ કેન્દ્ર સરકારનું બજેટ જોઈને યાદ આવી. કારણ કે બજેટમાં લાંબા ગાળાની ઘણી યોજનાઓની વાત કરવામાં આવી છે. વળી, આ બજેટમાં વિસંગતતાઓ પણ ઘણી છે, જેમાં સામાન્ય નાગરિકોને કાંઈ સમજ પડે એવું નથી. આ બધું સમજવા માટે એમણે ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ કે આર્થિક ક્ષેત્રના જાણકારનો સહારો લેવો જ રહ્યો એવો ઘાટ ઘડાયો છે.

શેર બજારની એવી અપેક્ષા હતી કે ડિવિડન્ડ ડિસ્ટ્રીબ્યુશન ટેક્સ અને લોન્ગ ટર્મ કેપિટલ ગેઈન ટેક્સ આ બજેટમાં કાઢી નાખવામાં આવશે, પણ એવું બન્યું નહીં. ડીડીટી કાઢી નખાયો એલટીજીસી નહીં. આ કારણે શેરબજારમાં મોટી નિરાશા વ્યાપી ને એટલે જ બજેટ રજૂ થતાં જ શેર બજારમાં મોટું ગાબડું જોવા મળ્યું.

બજેટમાં સહકારી મંડળીઓને ૨૨ ટકા ટેક્સ, નવા ટેક્સ સ્લેબ અંગેની જાહેરાતો ખૂબ જ ભ્રામક જણાય છે. કારણ કે જો નવા ટેક્સ દર અને સ્લેબનો લાભ લેવો હોય તો ઈન્કમ ટેક્સના કાયદા હેઠળ મળતા અન્ય તમામ કર-કપાત અને કરમુક્તિના લાભ જતા કરવા પડે એવી વાત છે.

બજેટમાં કૃષિ ક્ષેત્રનો ૧૬ મુદ્દાનો પ્લાન છે તેનો હેતુ તો ખેડૂતોની આવકો બમણી કરવાનો છે, પરંતુ આ પ્લાન સમયસર અમલમાં મુકાય, અસરકારક રીતે તેનો અમલ થાય તો કૃષિ વિકાસ દર વધે એવું છે, જે હાલના સંજોગોમાં તો શક્ય નથી જણાઈ રહ્યું.

આજે અર્થતંત્રની હાલત એવી છે કે તમામ મહત્ત્વના સૂચકાંકો તળિયે ઉતરી ગયા છે અને વિકાસ દરમાં સતત ઘટાડો જોવા મળી રહ્યો છે. વળી આજે દેશની સૌથી મોટી સમસ્યા હોય તો તે છે બેરોજગારી. આ વખતના બજેટ પાસેથી નાગરિકોને એવી અપેક્ષા હતી કે રોજગારી વધારવા માટેની કોઈ નક્કર યોજનાની વાત તેમાં કરવામાં આવશે, પરંતુ એવું કંઈ જ થયું નહીં. આ કારણે સામાન્ય નાગરિકો તો આ બજેટથી ઘેર નિરાશ જ થયા છે.

વળી ઉદ્યોગો માટે પણ બજેટમાં કોઈ સારા સમાચાર નથી. વડાપ્રધાનની મંશા તો એવી છે કે ઔદ્યોગિક વિકાસ દર સડસડાટ વધે, જેના કારણે દેશનું અર્થતંત્ર આર્થિક મંદીમાંથી બહાર આવી જાય. એટલું જ નહીં, પરંતુ ભારત દેશ ૫ ટ્રિલિયનની ઈકોનોમી બની શકે. પરંતુ વડાપ્રધાનનું આ સપનું વર્તમાન બજેટ જોતાં પૂર્ણ થાય એવી શક્યતા પણ જણાતી નથી. કારણ કે દેશના અર્થતંત્રને ઉપર ઉઠાવી શકે એવી કોઈ જોગવાઈ કે ક્ષમતા આ બજેટમાં જણાતી નથી એય હકીકત છે.

અર્થતંત્રના કેટલાક નિષ્ણાતોએ આ બજેટને દાયકાનું સૌથી વધુ આભાસી ચિત્ર ઉપસાવતું બજેટ ગણાવ્યું છે. તો કેટલાંકે નીચા આર્થિક વિકાસના દરના દબાણ હેઠળ આ બજેટને સરકારનું મજબૂર બજેટ પણ ગણાવ્યું છે.

નાણાંમંત્રીએ સૌથી લાંબું બજેટ ભાષણ આપીને ભલે રૅકર્ડ સર્જ્યો હોય પરંતુ આ બજેટ દેશના ઈતિહાસમાં કોઈ રૅકર્ડ સર્જી શકે એવી ક્ષમતા ધરાવતું નથી.

રાજયોની વડી અદાલતોને રેકર્ડ કોર્ટનો દરજ્જો બંધારણે આપેલ છે

વડી અદાલતોના ન્યાયાધિશની નિમણુંક બંધારણીય પ્રક્રિયા અનુસાર થાય છે નહિ કે જાતી, ધર્મના આધારે

કાયદો અને કાનૂન

અશ્વિન ત્રિવેદી

ભારતીય બંધારણની કલમ ૨૧૪ મુજબ રાજયની દરેક અદાલત રેકર્ડ ન્યાયાલય રહેશે અને તેને પોતાના તિસ્કાર માટે શિક્ષા કરવાની સત્તા સહિત તમામ સત્તા બંધારણની કલમ ૨૧૪ મુજબ આપવામાં આવી છે. રાજયની તમામ વડી અદાલત રેકર્ડ કોર્ટ હોવાથી તેનો રેકર્ડ કોર્ટમાં પુરાવા તરીકે રજુ થાય ત્યારે તેને માન્ય ગણવામાં આવે છે. વડી અદાલતોના ચુકાદા તાબાની કોર્ટને માન્ય રાખીને તે મુજબ ન્યાય આપવાની પ્રથા છે તેમજ હુકમ સામે કોઈ વાંધો ઉઠાવી શકતું નથી. આ ઉપરાંત વડી અદાલતને તેના અનાદર માટે શિક્ષા કરવાની પણ સત્તા છે. તે રાજયના સનદી અધિકારીઓને પણ શિક્ષા કરી શકે છે.

કેન્ટેમ્પ ઓફ કોર્ટ એકટ ૧૯૭૧ ની જોગવાઈથી આવી સત્તા મળતી નથી. વડી અદાલતની તેના અનાદર બદલ શિક્ષા કરવાની હુકમત આર્ટીકલ ૨૧૫ થી આપવામાં આવેલ છે, સ્વતંત્ર હકુમત છે. તેવું હાઈકોર્ટ ઓફ જયુડિકેચર ઓફ અલ્હાબાદ વિરૂધ્ધ રાજ કિશોરના કેસમાં અદાલતે ઠરાવેલ પહેલા કલમ ૨૧૪ તથા ૨૧૫ જમ્મુ કાશ્મીર સીવાય તમામ રાજયમાં લાગુ પાડવામાં આવતી હતી પરંતુ કલમ ૩૭૦(અ)ની નાબુદી બાદ વ્યાખ્યામાં સુધારો કરવામાં આવ્યો છે.

વડી અદાલતને મળેલ તેના અનાદર બદલ શિક્ષા કરવાની સત્તા ઉપર કોઈ નિયંત્રણ છે કે કેમ? આ અંગે સર્વોચ્ચ અદાલતે ઠરાવ્યું કે કલમ ૧૨૪ અને ૨૧૫ સર્વોચ્ચ અદાલત અને વડી અદાલતને આપેલી સત્તાને કુઠિત કરતો હોઈ કાયદો કાયદેસર નથી. સર્વોચ્ચ અદાલતે વધુમાં ઠરાવ્યું છે કે અનાદર બદલ શિક્ષાનું પ્રમાણ નિર્ધાર કરતો કે અનાદરની વ્યાખ્યા નિયત કરતો કાયદો અદાલતની અનાદર સામે શિક્ષા કરવાની સત્તાને કુઠીત કરે છે તેમ કહી શકાય નહિ. વડી અદાલતને તેના હુકમના અનાદર સામે શિક્ષા કરવા માટે હકુમતનો ઉપયોગ કરવા માટે જરૂરી તમામ અનુષંગીક સત્તાનો તેની હકુમતમાં જ સમાવેશ થાય છે તેવું આર. એમ. કપુર વિરૂધ્ધ તામીલનાડુના કેસમાં અદાલતે ઠરાવેલ છે.

દરેક વડી અદાલત એક મુખ્ય ન્યાયમૂર્તિનું અને રાષ્ટ્રપતિ વખોવખત નિમવા જરૂરી ગણે એવા બીજા ન્યાયાધિશોનું માળખું બને છે. હાલમાં કોલેજીયમ સીસ્ટમથી વડી અદાલતોના ન્યાયાધિશોની નિમણુંક રાષ્ટ્રપતિ દ્વારા કરવામાં આવે છે. હાલમાં જમ્મુ કાશ્મીરના અલગતાવાદી તત્વોએ વડી અદાલતોમાં પોતાના અલગતાવાદી તરફી જજ હોવા અંગેની રજુઆત કરતા આવો મામલો વિવાદીત બની રહ્યો છે. અદાલતમાં કોઈ વાદ કે કોઈ એક વિચારધારા વાળા વ્યક્તિ ચાલી શકે નહિ પરંતુ ન્યાયીક હુકમ કરવા વાળા તથા ભારતીય બંધારણને અનુરૂપ કાયદાકિય ન્યાય પુરાવા આધિન કરવાવાળા ન્યાયાધિશોની જ નિમણુંક નિષ્પક્ષ રીતે બીનસાંપ્રદાયીક રીતે કરવામાં આવે છે. ન્યાયાધિશોનો કોઈ એક ધર્મ, જ્ઞાતિ હોતા નથી તેનાથી પર છે. ભારતીય બંધારણ અનુરૂપ ન્યાયીક પ્રક્રિયા અનુસરીને ત્યારબાદ જ પોતાનો નિર્ણય, ચુકાદો જાહેર કરે છે.

ભારતના વડી અદાલતોની સ્થાપના ઈન્ડીયન હાઈકોર્ટ એકટ ૧૮૬૧ મુજબ કલકતા અને મુંબઈ તથા મદ્રાસમાં સૌ પ્રથમ કરવામાં આવી હતી. બંધારણના આર્ટીકલ ૨૧૪ ની જોગવાઈ અનુસાર દરેક રાજયમાં એક વડી અદાલત સ્થાપવી જોઈએ તેવી જોગવાઈ છે. કલમ ૨૩૧(૧) ની જોગવાઈ મુજબ બે રાજયો વચ્ચે એક વડી અદાલતની સ્થાપના પણ થઈ શકે છે.

બંધારણના આર્ટીકલ ૨૧૭ માં વડી અદાલતોના જજોની નિમણુંક અને તેમના હોદ્દાની શરતો નક્કી કરવામાં આવી છે. ભારતના મુખ્ય ન્યાયમૂર્તિ સાથે રાજયના રાજયપાલ અને મુખ્ય ન્યાયમૂર્તિ સીવાયના બીજા ન્યાયાધિશોની નિમણુંકની બાબતમાં વડી અદાલતના મુખ્ય ન્યાયમૂર્તિ સાથે વિચાર વિર્મશ કરી રાષ્ટ્રપતિ પોતાના સહી સીક્કાવાળા આદેશ પત્રથી વડી અદાલતના દરેક ન્યાયાધિશોને નિમણુંક આપે છે. જેમની ઉંમર ૬૫ વર્ષ સુધીની નક્કી કરવામાં આવી છે. પહેલા ૬૨ વર્ષ વયનિવૃત્તિ માટે નક્કી કરેલ તેમાં સુધારો કરી ઉંમરમાં ત્રણ વર્ષનો વધારો કરવામાં આવ્યો છે. પહેલા આ નિમણુંકની શરતો કલમ ૨૧૬ મુજબ જમ્મુ કાશ્મીરમાં લાગુ પડતી નહી હવે બંધારણની કલમ ૩૮૦(અ) રદ થતા નવા નિમય લાગુ પડતા અલગતાવાદી વિચારસરણી ધરાવતુ જુથ પોતાના વિચારો સાથે અનુકુળ રહે તેવા જજની માંગણી કરતા આવેલ છે જે વિવાદાસ્પદ છે. બંધારણમાં આવી કોઈ જોગવાઈ કરેલ નથી. ન્યાયાધિસ પોતાના હોદ્દાનું રાજીનામું માત્ર રાષ્ટ્રપતિને પોતાના હસ્તાક્ષરમાં સહી કરી આપી શકે છે.

વડી અદાલતનના ન્યાયાધિશને સત્તા તથા હોદ્દા ઉપરથી દૂર કરવા માટે કલમ ૧૨૫ ના ખંડ (૪) ની જોગવાઈ મુજબ રાષ્ટ્રપતિ કોઈ પણ ન્યાયાધિશને તેના હોદ્દા ઉપરથી દૂર કરી શકે છે. રાષ્ટ્રપતિ ન્યાયાધિશને ભારતની બીજી કોઈ વડી

અનુસંધાન પાના નં ૭ પર

કવિતા લખવાનું મન થાય એવું વાતાવરણ છે...

WhatsApp ઑફ ધી વીક

નેહલ ગઢવી

કર્યું તેં વ્હાલ, તો સુંદર બની જવાયું છે.

- રમેશ પારેખ

આપણી આ સૃષ્ટિ અત્યંત વૈવિધ્યપૂર્ણ અને સુંદર છે. પણ આપણે સતત આપણને મળેલા સુખને પારખી શકતા નથી. આપણે આપણાથી વધુ સુંદર,વધુ ધનવાન, વધુ બળવાન, વધુ પ્રતિષ્ઠાવાન લોકોને જોઈને ભૂલ કરી બેસીએ છીએ. આજના આ દેખાદેખીના યુગમાં ઘણીવાર ઉપરછલ્લું સારું દેખાતું જીવન અંદરથી અત્યંત કદરુપું હોય છે. પરંતુ યુવાનો બાળકોમાં આવી દેખાદેખીના કારણે કયારેક આત્મવિશ્વાસની ઊણપ વર્તાય છે. જીવનના દરેક મોરચે સર્વશ્રેષ્ઠ બનવાની હોડમાં કયારેક માણસ અંદરથી સાવ હારી જતો હોય છે, નાસીપાસ બની બેસતો હોય છે. પોતે પોતાની જાતને ખોઈ બેસવી તેનાથી મોટી કોઈ જ ક્ષતિ કે ત્રુટિ જીવનને હમચમચાવી શકે જ નહિં! ઉંમરના અંતિમ પડાવમાં પહોંચીને વ્યક્તિ કયારેદ વિચારે કે,

''પા પા પગલી કરતું
ભમરડે શેરીમાં રમતું, લખોટા જેવું દડતું
ટહુકા તરુડાળોમાં કરતું, જલમાં તરતું,
સીમરોઢામાં હરતું ફરતું,
ટેકરીઓને માથે ચઢતું
કોક પણે દેખાય -
અરે, પણ તે હું ક્યાં છું ?''

- જયંત પાઠક

જીવનમાં હરહંમેશ મનગમતું જ મળે અને બને તે શક્ય જ નથી. માટે જે છે, જે મળ્યું છે એ ક્ષતિ અને ત્રુટિને પણ પ્રેમ કરીને જાતને ગમાડતા જીવતા જઈએ તો જીવન સુંદર બની રહે. વ્યક્તિ, વસ્તુ, સ્થળ આ તમામના પ્રેમમાં પડીને કમજોર બનવા કરતાં ખુદના પ્રેમમાં આત્મવિશ્વાસથી ભરપૂર છલકાતા બનીએ તો જીવન જીવવા જેવું લાગે! જે છે તેને તે જ સ્વરુપે સ્વીકારીને ચાહતા બનીએ તો જીવન હર્યુંભર્યું બની રહે જ.

આજે મનનો કોઈ જુદો જ મિજાજ છે. ગુમાવ્યાની ગણતરી નથી, તો જે કંઈ મળ્યું છે એનો નશો પણ નથી. ઘણું બધું મેળવી લેવાની કોઈ મહત્ત્વાકાંક્ષી સ્પૃહા નથી. વિગતનો કોઈ ભાર નથી, તો અનાગતની કોઈ અકળાવનારી છાયા નથી. કશાયનું મૂલ્ય આંક્યા વિના આંખ ભરી ભરીને બધું જોઉં છું. વિષાદ અને આનંદથી પણ એવી મનની અવસ્થા છે.

કવિતા લખવાનું મન થાય એવું વાતાવરણ છે. પણ કોરા કાગળને કોરો રાખવાની પણ કોઈ જુદી જ મજા છે. એટલા માટે જ કવિતા લખવાનું ટાળું છું. પતંગિયા જેવા ઊડતા શબ્દોને કાગળમાં જકડી નથી દેવા. નિર્ભયતાથી ચણતાં પારેવાંની જેમ આ શબ્દોને એમ ને એમ રાખવા છે; જાળ નાખીને પકડી લઈને પિંજરમાં પૂરી નથી દેવા. આજે કવિતા લખવી નથી, જીવવી છે. જીવનમાં કેટલી બધી કવિતા છે અને જીવન કેવું કાવ્યમય છે, એની જ વાત કરવી છે.

ચાલવાનું મન થાય એવા રસ્તા છે, સૂર્યનું પ્રથમ કિરણ થઈને લંબાવાનું મન થાય એવું આંગણું છે, પંખી થઈને કૂજવાનું મન થાય એવાં વૃક્ષો છે, પ્રેમ કરવાનું મન થાય એવી વ્યક્તિ છે, તો પૂજવાનું મન થાય એવી વિભૂતિ પણ છે, માછલી થઈને તરવાનું મન થાય એવું જળ છે, ચંદ્ર થઈને ઊગવાનું મન થાય એવું આકાશ છે, રાતરાણી થઈને મહેકવાનું મન થાય એવો અંધકાર છે, ગીત થઈને રેલાઈ જવાનું મન થાય એવા સહૃદય શ્રોતાઓ છે. આખી સૃષ્ટિને આલિંગનમાં લઈ લઉં એટલો છલકતો પ્રેમ છે. જાગી ગયા હોઈએ પછી સ્મૃતિઓ મમળાવવાનું મન થાય એવી અધમીચેલી આંખ જેવી સવાર છે. નહીં ફળેલાં સપનાંઓને દુઃખની જરીક અમથી પણ લાગણી વિના, જાણે કે મ્યુઝિયમમાં ફરતા હોઈએ અને જોઈએ એ રીતે, જોવાની અલિપ્ત અવસ્થા છે... છે... છે...

Last Seen :

જીવનમાં કેટલું બધું છે! હૃદય નાનું પડે એટલો બધો આનંદ છે. જળમાં, સ્થળમાં, નભમાં, પવનમાં બધે જ જીવનની ફૂલપગલીઓ દેખાય છે.

- સુરેશ દલાલ

- nehalgadhavi101@gmail.com

બાંગલાદેશમાં આર્થિક વિકાસ, દુર્ગાપૂજા અને સરસ્વતીપૂજા



અતિતની આજ

ડૉ. હરિ દેસાઈ

દેશના મુખ્ય આર્થિક સલાહકાર કે.વી.સુબ્રમણિયન ૩૧ જાન્યુઆરી ૨૦૨૦ના રોજ ભારતીય અર્થકારણની કથળેલી અવસ્થા વિશેનો આર્થિક સર્વેક્ષણ રજૂ કરી રહ્યા હતા ત્યારે યુનિવર્સિટી ઓફ ઢાકાનાં તિથી માંડલ અમારી ચીમનભાઈ પટેલ ઈન્સ્ટિટ્યૂટનાં વિદ્યાર્થીઓ સમક્ષ બાંગલાદેશ આર્થિક ક્ષેત્રે તમામ પાડોશી દેશોની તુલનામાં સૌથી ઊંચો વિકાસ દર હાંસલ કરી રહ્યાની વિગતો સાથે પોતાના દેશના વર્તમાન પ્રવાહો રજૂ કરી રહ્યાં હતાં. ક્યારેક તિથી ગુજરાત યુનિવર્સિટીમાં અમારાં વિદ્યાર્થી રહ્યાં. અત્યારે પોતાના દેશની પ્રતિષ્ઠિત યુનિવર્સિટીમાં કાર્યરત છે. ગુજરાત યુનિવર્સિટીના દીક્ષાંત સમારંભમાં બબ્બે સુવર્ણચંદ્રક સ્વીકારવા માટે આઠ મહિનાના સમયગાળા બાદ એ ખાસ ભારત આવ્યાં હતાં. પોતાના દેશનું ભારતમાંથી છૂટા પડીને ૧૯૪૭માં પૂર્વ પાકિસ્તાન થવું અને પશ્ચિમ પાકિસ્તાન સાથેના નવ મહિનાના યુદ્ધના સંજોગો પછી ભારતની મદદથી ૧૯૭૧માં બાંગલાદેશનું સ્વતંત્ર થવું; એ ઈતિહાસ તિથીએ રસાળ શૈલીમાં રજૂ તો કર્યો, પણ હવે ભારતમિત્ર બાંગલાદેશ આર્થિક સહિત તમામ ક્ષેત્રોમાં પ્રગતિ કરી રહ્યાની મુદ્દાસર વાત પણ કરી. તિથી હિંદુ છે. એ કહે છે કે સામાન્ય માન્યતાથી વિપરીત અમારા દેશમાં લઘુમતી સમાન અધિકાર ધરાવે છે અને અમને કોઈ જાતની કનડગત નથી. છૂટાછવાયા બનાવો તો પ્રત્યેક દેશમાં બનતા હોય છે. ૨૦૧૫ પછી આતંકવાદ નાથી શકાયો છે. ચીન તેમ જ જાપાન અમારા દેશમાં ભારે રોકાણ કરે છે. બાંગલાદેશમાં ૯૦ ટકા વસ્તી મુસ્લિમોની છે એટલે સ્વાભાવિક છે કે મુસ્લિમ પ્રભાવ વધુ રહે, પરંતુ બંધારણ સેક્યુલર છે. બીજા ધર્મોના લોકોને સમાન દરજ્જાના નાગરિક તરીકેના અધિકાર છે.

ઢાકા યુનિવર્સિટીના જગન્નાથ હોલમાં વસંતપંચમીએ સરસ્વતી પૂજન અને બાળકને હિંદુ પૂજારી થકી કક્કો ઘૂંટાવાય છે

ભારત કરતાં વધુ જીડીપી

બાંગલાદેશ આર્થિક પ્રગતિની હરણફાળ ભરી રહ્યું છે. એશિયન ડેવલપમેન્ટ બેંકના ૨૦૧૯ના અહેવાલ મુજબ, ભારત અને અન્ય પાડોશી દેશોમાં વર્ષ ૨૦૨૦ના અંદાજાયેલા વિકાસદરમાં બાંગલાદેશ સૌથી ટોચ પર છે. ભારતીય આર્થિક સર્વેક્ષણ પણ આ બાબત કબૂલતો હોય એમ એશિયન ડેવલપમેન્ટ બેંક (એડીબી)ના અંદાજ કરતાં પણ ઓછો વિકાસદર ભારતીય સર્વેમાં રજૂ કરાયો છે. મુખ્ય આર્થિક સલાહકાર કે.વી.સુબ્રમણિયન તો વર્ષ ૨૦૧૯-૨૦ દરમિયાન ભારતનું કુલ સ્થાનિક ઉત્પાદન (જીડીપી) વિકાસદર માંડ ૫ ટકા રહ્યાનું કબૂલે છે. આ વિકાસદર છેલ્લાં ૧૧ વર્ષમાં સૌથી નીચો હોવાનું પણ સ્વીકારે છે. વર્ષ ૨૦૨૦-૨૧ માટે ભારતનો અંદાજિત વિકાસદર ૬થી ૬.૫ ટકાનો છે. આની સામે ક્યારેક ભારતનું ઓશિયાળું ઢાકા તો વર્ષ ૨૦૨૦માં ૮ ટકાના વિકાસદરને હાંસલ કરશે. એડીબી તો ૨૦૨૦માં ભારતનો વિકાસદર ૭.૨ ટકા માંડે છે પરંતુ ભારત સરકાર માત્ર ૬ કે ૬.૫ ટકા જ અંદાજે છે. માલદીવ, નેપાળ અને ભૂટાન ૬ ટકાથી વધુ, શ્રીલંકા ૩.૫ ટકા અને અફઘાનિસ્તાન ૩.૪ ટકા તેમજ પાકિસ્તાન માત્ર ૨.૮ ટકાનો વિકાસદર હાંસલ કરે એવું એડીબીનું કહેવું છે.

બાંગલાદેશમાં અંગ્રેજીમાં બીએ અને એમએ કર્યા પછી ગુજરાત યુનિવર્સિટીમાંથી જર્નલિઝમ એન્ડ માસ કમ્યૂનિકેશનના અનુસ્નાતક અભ્યાસક્રમમાં બબ્બે ગોલ્ડ મેડલ મેળવનાર તિથી માંડલે અમદાવાદની ચીમનભાઈ પટેલ ઈન્સ્ટિટ્યૂટનાં વિદ્યાર્થીઓ સમક્ષ પોતાના અનુભવોનું બયાન કર્યું હતું

- ૨૦૧૫ પછી બંગાળીભાષી દેશમાં આતંકવાદ નાથી શકાયો છે, ચીન તેમ જ જાપાન થકી ભારે રોકાણ
- રાષ્ટ્રગીત ''જન ગણ મન''ના રચયિતા રવીન્દ્રનાથનું ''આમાર સોનાર બાંગલા'' બાંગલાદેશનું રાષ્ટ્રગીત
- બંને ઈદના તહેવારોનું મહાત્મ્ય ઘણું, પણ સરસ્વતીપૂજા અને દુર્ગાપૂજાનું મહત્વ જરાય ઓછું નથી
- મુસ્લિમ લીગી સુહરાવર્દી અને નેતાજી બોઝના મોટાભાઈ સરતચન્દ્રની અલગ બંગાળ દેશ માટે ઝુંબેશ

સરસ્વતીપૂજા અને દુર્ગાપૂજા

૩૧ જાન્યુઆરી ૨૦૨૦ના રોજ બાંગલાદેશનાં દૈનિક અખબારોમાં પહેલા પાને વિદ્યાની દેવી સરસ્વતીદેવીની મૂર્તિઓ અને છબીઓ સામે હિંદુ પૂજારીઓ બાળકોને કક્કો લખાવવાની શરૂઆત કરી રહ્યાની ઝલક જોવા મળતી હતી. તિથીના ધ્યાને આ વાત મૂકી ત્યારે એણે કહ્યું: વસંત પંચમીએ અમારે ત્યાં ઢાકા યુનિવર્સિટીમાં જ નહીં, પ્રત્યેક શિક્ષણ સંસ્થામાં સરસ્વતીદેવીની પૂજા થાય છે. અમારા દેશમાં મુખ્ય વસ્તી મુસ્લિમ હોવાથી બંને ઈદના તહેવારોનું મહાત્મ્ય ઘણું છે, પણ દુર્ગાપૂજાનું મહાત્મ્ય જરાય ઓછું નથી. તિથીને સ્વાભાવિક જ પોતાના દેશ માટે ગર્વ છે. સંયોગ પણ જુઓ: ભારતીય રાષ્ટ્રગીત ''જન ગણ મન''ના રચયિતા કવિવર રવીન્દ્રનાથ ઠાકુરે જ રચેલું ''આમાર સોનાર બાંગલા'' એ બાંગલાદેશનું રાષ્ટ્રગીત છે. પાકિસ્તાનની રચના મુસ્લિમ દેશ તરીકે કાઈદ-એ-આઝમ મોહમ્મદઅલી ઝીણાના દ્વિરાષ્ટ્રના સિદ્ધાંતને પગલે થઈ હતી. હિંદુ અને મુસ્લિમ બંને અલગ રાષ્ટ્ર છે, એવી હિંદુ મહાસભાના અધ્યક્ષ સ્વાતંત્ર્યવીર સાવરકરની ૧૯૩૭માં અમદાવાદમાં અધ્યક્ષીય ભાષણમાં રજૂ કરાયેલી ભૂમિકા પછી ૧૯૪૦માં ઝીણાના મુસ્લિમ લીગે લાહોરમાં મુસ્લિમો અલગ રાષ્ટ્ર છે; એ ભૂમિકા પર અલગ રાષ્ટ્રની માંગણી કરતો ઠરાવ કર્યો હતો. ૧૯૪૭માં બ્રિટિશ ઈન્ડિયાના ભાગલા ગાંધીજી-નેહરુ-સરદારની કોંગ્રેસે પણ સ્વીકાર્યા ત્યારે ય આ દ્વિરાષ્ટ્રના સિદ્ધાંતને સ્વીકાર્યો નહોતો. પાકિસ્તાન સેક્યુલર રહે એવી ભૂમિકા માંડનાર ઝીણા એકાદ વર્ષમાં જ એટલે કે સપ્ટેમ્બર ૧૯૪૮માં મૃત્યુ પામ્યા પછી પાકિસ્તાન ઈસ્લામિક અને તાનાશાહીના રવાડે ચડતું રહ્યું. ૧૯૭૧માં પૂર્વ પાકિસ્તાનની પ્રજા પર પશ્ચિમ પાકિસ્તાનના પંજાબીબહુલ લશ્કર અને શાસકોના જુલ્મો તેમજ જબરદસ્તીથી ઉર્દૂને પાકિસ્તાનની રાષ્ટ્રભાષા કે સત્તાવાર ભાષા કરવામાં આવતાં બંગાળી ભાષાના આગ્રહી પૂર્વ પાકિસ્તાનમાં વિરોધ ઊઠ્યો હતો. અત્રે એ યાદ રહે કે સ્વાતંત્ર્ય આવવાનું હતું એ દિવસોમાં બંગાળ પ્રાંતના પ્રીમિયર (મુખ્યમંત્રી) હુસૈન સુહરાવર્દી અને નેતાજી સુભાષચન્દ્ર બોઝના મોટાભાઈ સરતચન્દ્ર બોઝ અલગ બંગાળ દેશ માટે ઝુંબેશ ચલાવી રહ્યા હતા. જોકે બંગાળના ભાગલા થતાં પાછળથી સરતચન્દ્ર થોડા સમય માટે નેહરુ-સરદાર સહિતની વચગાળાની સરકારમાં પણ જોડાયા હતા. મુસ્લિમ લીગી સુહરાવર્દી પાકિસ્તાનમાં રહ્યા અને એના પાંચમા વડાપ્રધાન બન્યા હતા.

પાકિસ્તાન સાથે કટુસંબંધ

બાંગલાદેશની નવી પેઢીના દિલોદિમાગમાં હજુ પણ ૧૯૭૧ના પાકિસ્તાનપ્રેરિત નરસંહાર કે મહાહત્યાકાંડમાં માર્યા ગયેલાં ૧૦થી ૧૨ લાખ જેટલાં ભાઈ-ભાંડુંની યાદો તાજી છે. ભારત અને પાકિસ્તાન વચ્ચેના તણાવપૂર્ણ સંબંધ છે, એવું જ બાંગલાદેશ અને પાકિસ્તાનના સંબંધોમાં પણ છે.વર્તમાન વડાંપ્રધાન શેખ હસીના ભારત સાથે મધુર સંબંધ રાખવા માટે જાણીતાં છે. જયારે પૂર્વ વડાંપ્રધાન ખાલેદા ઝીયા પાકિસ્તાન તરફી મનાય છે. બાંગલાદેશની લઘુમતી પ્રજા રાષ્ટ્રપિતા બંગબંધુ શેખ મુજીબુર્રેહમાનનાં દીકરી અને વડાપ્રધાન હસીનાના પક્ષ સાથે રહેવાનું પસંદ કરે છે. ઝીયાના પતિ મરહૂમ જનરલ ઝિયા બંગબંધુ સહિતની નેતાગીરીની હત્યા કરાવવા પાછળ હોવાનું મનાય છે. જોકે બાંગલાદેશમાં મોટાભાગના મુખ્ય હોદ્દા પર મહિલાઓ છે. શેખ હસીના એકથી વધુ વખત વડાંપ્રધાન બન્યાં છે. ખાલેદાનું પણ એવું જ છે. એમના પક્ષે ગઈ સંસદીય ચૂંટણીઓનો બહિષ્કાર કર્યો હતો અથવા તો એ ચૂંટણી લડવા માટે લાયક નહોતાં. છતાં એ પોતાના પક્ષની નેતાગીરી જેલમાં કે જેલ બહાર હોય ત્યારે પણ જાળવતાં રહ્યાં છે. વિપક્ષમાં નેતા કે સંસદનાં અધ્યક્ષ પણ મહિલા છે. ઢાકા યુનિવર્સિટીનાં કુલપતિ પણ મહિલા છે. ભારતમાં રહીને પોતાના દેશ વિશે અને ભારતીય રાજકારણ વિશે ઉલટાંસીધાં નિવેદન કરતાં રહેતાં લેખિકા તસલીમા નસરીનને બાંગલાદેશીઓ બહુ ભાવ આપતા નથી.

હિંદુઓની હિજરત અને સ્થિતિ

પાકિસ્તાની લશ્કર પૂર્વ પાકિસ્તાનની બંગાળી પ્રજા પર જુલમ કરતી હતી ત્યારે ત્યાંના લાખો પરિવારોએ ભારત ભણી હિજરત કરવી પડી હતી. એ હિંદુ જ નહીં, જીવ બચાવવા ભાગેલા મુસ્લિમ પરિવારો પણ હતા. અત્યારે ત્રિપુરાના ભાજપી મુખ્યમંત્રી બિપ્લવ દેવનાં માબાપ

અનુસંધાન પાના નં ૭ પર